# 5th India-RoK Foreign Policy and Security Dialogue (FPSD)

January 17, 2023

# ભારત- રિપબ્લિક ઓફ કોરિયા RoK વચ્ચે 5મો  વિદેશ નીતિ અને સુરક્ષા સંવાદ (FPSD)

17 જાન્યુઆરી, 2023

ભારત વિદેશ મંત્રાલયના સચિવ (પૂર્વ) શ્રી સૌરભ કુમારે 16-17 જાન્યુઆરી 2023 દરમિયાન 5મી ફોરેન પોલિસી એન્ડ સિક્યુરિટી ડાયલોગ (FPSD)ના સહ-અધ્યક્ષ તરીકે રિપબ્લિક ઓફ કોરિયા (ROK)ની સત્તાવાર મુલાકાત લીધી હતી. રિપબ્લિક ઓફ કોરિયા ROK તરફથી સહઅધ્યક્ષ તરીકે રિપબ્લિક ઓફ કોરિયા વિદેશ મંત્રાલયનાં પ્રથમ ઉપ-વિદેશમંત્રી મહામહીમ શ્રી ચો હ્યુન્ડોંગ એ કરી હતી. તેમણે 16 જાન્યુઆરી 2023ના રોજ સત્તાવાર મુલાકાત લીધી હતી.

FPSD દરમિયાન, બંને પક્ષો વિદેશ મંત્રી-સ્તરની સંયુક્ત આયોગ મીટિંગ, વિદેશ મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલયને આવરી લેતા '2+2' સંવાદ સહિત નિયમિત ઉચ્ચ-સ્તરીય જોડાણો દ્વારા વ્યૂહાત્મક સંચારને મજબૂત કરીને ભારત-ROK  વચ્ચે વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીને વધારવા બાબત સંમતી દર્શાવી હતી. / બંને દેશો આ વર્ષે રાજદ્વારી સંબંધોની સ્થાપનાને 50 વર્ષની ઉજવણી નિમિતે સચિવ સ્તરના અન્ય મંત્રી અને વરિષ્ઠ સત્તાવાર સંવાદકો પણ જોડાયા હતા.

બંને પક્ષો વેપાર અને રોકાણ, સુરક્ષા અને સંરક્ષણ , વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમજ સાંસ્કૃતિક અને લોકો વચ્ચેના આદાનપ્રદાન સહિતના ક્ષેત્રોમાં સહકારને વધુ ગાઢ બનાવવા સંમત થયા હતા. સેક્રેટરી (પૂર્વ)એ કોરિયન પક્ષને ઉત્પાદન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય ક્ષેત્રોમાં રોકાણ માટે ભારત કોરિયન કંપનીઓને તક પુરી પાડે છે તે બાબત માહિતી આપી હતી. બંને પક્ષો વૈશ્વિક પુરવઠાને સાંકળતા ક્ષેત્રોને  સ્થિતિસ્થાપક અને મજબૂત બનાવવાની કામગીરી વધારવા બાબત પણ સંમતીની મહોર મારી હતી. તેઓએ નોંધ લીધી કે દ્વિપક્ષીય વેપાર લગભગ USD 28 બિલિયનની સર્વકાલીન ઊંચી સપાટીએ હતો અને 2030 સુધીમાં તેને USD 50 બિલિયન સુધી લઈ જવાની દૂરદ્રષ્ટિને સાકાર કરવા માટે ઠોસ પગલાં લેવા બાબત સંમતિ દર્શાવી હતી. બંને પક્ષોએ નવી અને ઉભરતી તકનીકોમાં સહકાર  બાબત પણ ચર્ચા કરી.

FPSD એ કોરિયન દ્વીપકલ્પ અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની વર્તમાન સ્થિતિ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પરિપ્રેક્ષ્ય રજુ કરવાની તક પૂરી પાડી છે. બંને પક્ષોએ નોંધ લીધી હતી કે રિપબ્લિક ઓફ કોરિયા ROKની તાજેતરમાં જાહેર કરાયેલી ઈન્ડો-પેસિફિક વ્યૂહરચના નવા ક્ષેત્રોમાં તેને વિસ્તારવા સહિત દ્વિપક્ષીય સહયોગને વધુ મજબુત

બનાવવાની તક પૂરી પાડશે. તેઓએ બહુપક્ષીય મંચોમાં સહકાર અંગે પણ ચર્ચા કરી. સચિવ (પૂર્વ) એ G20 ની અધ્યક્ષતા દરમિયાન રિપબ્લિક ઓફ્ કોરિયા ROK માટે ભારતની પ્રાથમિકતાઓ વિશે માહિતી આપી હતી. સાથે ભારતના પ્રયાસોની પ્રશંસા કરી અને G20ની સફળતામાં તેમનાં સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી.

સચિવ (પૂર્વ) એ રિપબ્લિક ઓફ્ કોરિયા ROK નેશનલ એસેમ્બલીનાં વિદેશી બાબતો અને એકીકરણ સમિતિના અધ્યક્ષ કિમ તાઈ હો, સંરક્ષણ ઉપમંત્રી શ્રી શિન બીઓમચુલ , અને શાંતિપૂર્ણ એકીકરણ સલાહકાર પરિષદના એક્ઝિક્યુટિવ વાઇસ ચેરમેન શ્રી કિમ કવાન યોંગ સાથે સ્વતંત્ર બેઠક પણ કરી હતી.

**નવી દિલ્હી**
**17 જાન્યુઆરી, 2023**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.